

# કાવ્ય-કોડિયાં

અરદેશર ફરામજી ખબરદાર

# અરદેશર ફરામજી ખબરદાર

**જન્મ: 6,નવેમ્બર,1881**

**મૃત્યુ: 30,જુલાઈ,1953**

**કાવ્યસંગ્રહો:**

**કાવ્યરસિકા-1901**

**વિલાસિકા—1905**

**પ્રકાશિકા—1908**

**સંદેશિકા—1925**

**કલિકા—1926**

**રાસચંદ્રિકા: 1—1929**

**રાસચંદ્રિકા:1-2—1941**

**દર્શનિકા—1931**

**ભારતનો ટંકાર:-- 1939, 1941.**

**કલ્યાણિકા—1940**

**રાષ્ટ્રિકા—1940**

**ભજનિકા—1941**

**નંદનિકા—1944**

**ગાંધીબાપુનો પવાડો—1948**

**ગાંધીબાપુ—1948**

**કીર્તનિકા—1953**

**રણહાક-- 1963**

અનુક્રમણિકા

# અનુક્રમણિકા

[અમરવસંત]
[ફૂલવાડીનો મોરલો]
[પ્રાણનાં લહેણાં]
[લજામણીની વેલી]
[રઢ]
[વહાલમની વાંસળી]
[વિજોગણ]
[ગગનનો ગરબો]
[ચાંદની]
[ઉષાનું ગાન]
[રક્ષાબંધન]
[ગોપિકા]
[મેઘને]
[અમારો દેશ]
[હલદીઘાટનું યુદ્ધ]
[ગુણવંતી ગુજરાત]
[દૂધડાં દોહતી]
[વીર બાળક બાદલ]
[ગુજરાતનો યજ્ઞકુંડ]
[વસંતની સાથે]
[શંખનાદ]
[હે ભારતના લડવૈયા]
[સદાકાળ ગુજરાત]
[દેવીનું ખપ્પર]
[હો મહાન નવજુવાન]
[સાવધાન]
[મેઘ વરસે]
[જે વિચારો]
[આપવું]
[સ્નેહ સૌંદર્ય]

## અમરવસંત

આવી આવી આ અમરવસંત વિશ્વસદનમાં રે,
એનાં ઊતરે છે હાસ્ય અનંત વનમાં જનમાં રે;
આજે આવી છે નવરસેલ, જગને ભરતી રે,
તેમાં કરતી સૌ કુદરત ખેલ, તરતી સરતી રે :

સ્વર્ગકુવારા ફૂટતા, સીંચે જગના બાગ;
પળપળ અમીકણ છૂટતા પૂરે ફૂલફૂલમાં નવફાગ;
- વનમાં જનમાં રે
આવી આવી આ અમરવસંત વિશ્વસદનમાં રે.

ઊંચે ઊંચે ઊડે નભપાંખ, ઝીલતી જ્યોતિ રે,
નીચે નીચે ઝળે જનઆંખ, ચિત્રે મ્હોતી રે;
આજે રસધરના છે રાસ, કુદરત ચોકે રે,
એના ભવ્ય બ્રહ્માંડવિલાસ છાય ત્રિલોકે રે :

ઊતર્યાં ફરી આકાશ આ, ઊઘડ્યાં નવલપ્રભાત,
ઉરૌરના આવાસમાં ચાલે નવનવ નૂરની વાત;
- વનમાં જનમાં રે
આવી આવી આ અમરવસંત વિશ્વસદનમાં રે.

આજે મૂર્ત્ત બન્યાં છે સર્વ સ્વર્ગનાં સ્વપ્નાં રે,
પૃથ્વી પલકે છે પાંદડે ખર્વ તેજે તપનાં રે;
આજે વિશ્વવીણાના તાર વિભુ ફરી તાણે રે,
એના તારે તારે રણકાર અજબ કો આણે રે :

સુંદરતાનાં, સ્નેહનાં અંજન જગ અંજાય;
કિરણે કિરણે દેહનાં ઝબકે ચિરયૌવનની ઝાંય;
- વનમાં જનમાં રે

અનુક્રમણિકા

આવી આવી આ અમરવસંત વિશ્વસદનમાં રે.

આવો આવો ઓ રસના સંત ! હસતા આવો રે,
જગ ઝૂલતી આ અમરવસંત ઉર પધરાવો રે !
વિભુ ઊભો રહી રસઘાટ બંસી બજાવે રે,
એના ઊડતા આનંદ વિરાટ ઝીલજો ભાવે રે !

ક્યાં નંદનવન નાથનાં, ક્યાં જનજીવન શૂન્ય ?
નિત્યવસંતના સાથમાં ખીલજો પુષ્પ સમાં તમ પુણ્ય 1
- વનમાં જનમાં રે :
આવી આવી આ અમરવસંત વિશ્વસદનમાં રે.

## ફૂલવાડીનો મોરલો

કે કુંજમાં મઘમઘ મહેકે ફૂલડાં રે,
કે આવી મોંઘી દેવવસંત :
કે નાચે ફૂલવાડીનો મોરલો રે.

કે પાંદડે પાંદડે પલકે હીરલા રે,
કે ઊછળે ઉર ઉર ભાવ અનંત :
કે નાચે ફૂલવાડીનો મોરલો રે.

કે આભને માથે રંગભર છોગલાં રે,
કે એવાં ધરણીશીર ગુલમહોર :
કે નાચે ફૂલવાડીનો મોરલો રે.

કે ઊઘડે ચંદરવા દિશ દિશ તણા રે,
કે ઊઘડે હૈડાં આઠે પહોર :
કે નાચે ફૂલવાડીનો મોરલો રે.

કે મોગરા ગગને ખીલ્યા તેજના રે,
કે ચુંદડી જગની રતનજડાવ :
કે નાચે ફૂલવાડીનો મોરલો રે.
કે સૂરજ છાંટે નવરસ છાંટણાં રે,
કે એવા અંતર અમીછંટાવ :
કે નાચે ફૂલવાડીનો મોરલો રે.

કે શીર પર ડોલે કલગી વિભૂતિની રે,
કે અદભૂત ખોલે પ્રાણકલાપ :
કે નાચે ફૂલવાડીનો મોરલો રે.

કે થનગન થનગન લોલે આંગણા રે ,
કે ટહુકે ગરજે આતમ આપ :
કે નાચે ફૂલવાડીનો મોરલો રે.

## પ્રાણનાં લહેણાં

કોઈ લટકે ને મટકે આવે છે,
મારા પ્રાણનાં લહેણાં લાવે છે :
કોઈ લટકે ને મટકે આવે છે.

મારું આપ્યું તો એણે છે રાખ્યું,
મારા ભાગ્યનું જોણું છે ઝાંખ્યું :
કોઈ લટકે ને મટકે આવે છે.

મારો આત્મા વિલાયો ને તરસ્યો,
મારું તન શોષ્યું ને ઘન વરસ્યો :
કોઈ લટકે ને મટકે આવે છે.

મારાં લીધાં છે હીરા ને મોતી,
ભરી તેમાં છે અણમૂલ કો જ્યોતિ :
કોઈ લટકે ને મટકે આવે છે.

મારાં ભાગ્યનાં કુંકુમ છે લીધાં,
તેનાં અજબ ઉદય ને અસ્ત કીધાં :
કોઈ લટકે ને મટકે આવે છે.
મારાં ચૂંટ્યા સોહાગ ચંદ્રે ચહોડ્યાં,
મારા પ્રારબ્ધના લેખ તારલે જોડ્યા :
કોઈ લટકે ને મટકે આવે છે.

મારાં ઉડાવ્યાં સોણલાં વાદળિયે,
ફેંકી જીવનની રેખ કાળને તળિયે :
કોઈ લટકે ને મટકે આવે છે.

**તોય ઝરે છે અમી એની આંખોમાં,**
**ભર્યા સૃજનના સાજ એની પાંખોમાં :**
**કોઈ લટકે ને મટકે આવે છે.**

**જુઓ, જુઓ, કોઈ જોગી આવે છે,**
**જન્મોજન્મનાં લહેણાં લાવે છે :**
**કોઈ લટકે ને મટકે આવે છે.**

## લજામણીની વેલી

હું તો નમણી લજામણીની વેલી રે,
હાથ કોઇ અડશો માં !
મારું હૈડું આ પળમાં ભીડાય :
હાથ કોઇ અડશો માં !
કુંળી કુંળી આ પાંખડી છે મારી રે,
હાથ કોઇ અડશો માં !
જરી અડતામાં ઝૂમી એ જાય :
હાથ કોઇ અડશો માં !
હું તો આકાશી વીજળીની વેલી રે,
હાથ કોઇ અડશો માં !
રહું સંતાઇ વાદળીને વાસ :
હાથ કોઇ અડશો માં !
મારી આંખડી બીડાય નહીં બીડી રે,
હાથ કોઇ અડશો માં !
સહેજે જોતામાં ઝબકું ચોપાસ :
હાથ કોઇ અડશો માં !
હું તો અલબેલી પ્રાચીની વેલી રે,
હાથ કોઇ અડશો માં !
ઉષા લજ્જાતી જોતી દિગંત :
હાથ કોઇ અડશો માં !
લાલ ગુલો હું વેરતી આ વ્યોમે રે,
હાથ કોઇ અડશો માં !
કિરણ અડતામાં તૂટે ઉરતંત :
હાથ કોઇ અડશો માં !

હું તો ઊગતી ચંબેલીની વેલ રે,
હાથ કોઇ અડશો માં !
મારાં પુષ્પો છે પુણ્યો શાં શ્વેત :
હાથ કોઇ અડશો માં !
પડ્યાં છુંદણા જગતને હાથે રે,
હાથ કોઇ અડશો માં !
પુષ્પો નંદાશે અડતાં સમેત :
હાથ કોઇ અડશો માં !
હું તો અદભૂત આનંદની વેલી રે,
હાથ કોઇ અડશો માં !
મારી પાંખડીઓ પળમાં વિલાય :
હાથ કોઇ અડશો માં !
હું તો સારા સંસારની લક્ષ્મી રે,
હાથ કોઇ અડશો માં !
મારે હૈયે તો સ્વર્ગો લેહેરાય :
હાથ કોઇ અડશો માં !

## રઢ

લાગી છે રઢ એક તારી, મોહનજી !
બીજી છે વાત બધી ખોટી રે લોલ;
મારો તો ભાનુ છે મોરારિ, મોહનજી !
તારા ઝબૂકે ભલે કોટિ રે લોલ !

તેજ તેજ તણખા ઝરે, રૂપ રૂપ અંબાર;
ખારાં જગનાં જીવવાં, મીઠા તુજ પડકાર :
એવું તે કોને જઇ કહેવું, મોહનજી ?
અંતરની આશ એક મોટી રે લોલ;

લેવું તો મનમાન્યું લેવું, મોહનજી,
બીજી છે વાત બધી ખોટી રે લોલ.

ઉપર નિરખું આંખડી, નીચે નિરખું નેણ;
લોચન એ જ બધે દિસે, એક વસ્તુ બહુ વેણ :

જ્યાં રે વસે મારો વહાલમ, મોહનજી !
રહે છે ત્યાં ચિત્ત મારું ચોંટી રે લોલ;
સાચી છે વહાલમની આલમ, મોહનજી !
બીજી છે વાત બધી ખોટી રે લોલ.

ઘેલી ધરણી ઘૂમતી, ઘેલી ભમતી રાત;
ઘેલી એકલ નારની ઘેલી ઘેલી વાત :
હૈયાસૂના શું રહેશો છેક જ, મોહનજી ?
મારી છે માગણી છોટી રે લોલ;

અનુક્રમણિકા

મારે તો ચાંદલો એક જ, મોહનજી !
બીજી છે વાત બધી ખોટી રે લોલ !

## વહાલમની વાંસળી

તારી થાઉં રે વાંસળિયાં ક્યારે વ્હાલમા રે ?
એ મુજ ખ્યાલમાં રે :
તારી થાઉં રે-

વનવનનો રાસ ભરતી ખીલું,
અંગ બને રંગે રંગીલું;
સ્વર ઝીલું તુજ ચપલા અંગુલિચાલમાં રે :
એ મુજ ખ્યાલમાં રે.

વનતરુનું જીવન ભલું ઝાંખું,
સપ્તમુખે અમૃત તુજ ચાખું;
શ્વાસેશ્વાસ ભરી રાખું ચિરકાલમાં રે ;
એ મુજ ખ્યાલમાં રે.

તરવરતા નભકંઠે તારા,
સરવરતીરે હંસ પુકારા;
ઝૂલું મારા વ્હાલમની કરમાલમાં રે :
એ મુજ ખ્યાલમાં રે.

ઉરભર કંઇક ઉમળકા લાવું,
પ્રિયમુખના સંદેશ વહાવું ;
જોડ અજોડ રચાવું નવસુરતાલમાં રે :
એ મુજ ખ્યાલમાં રે.

**તુજ કરમાં સોહાગણ સોહું,**
**તુજ રસરેલ વહંતી મોહું :**
**સૂકો ટુકડો લકડીનો હું હાલમાં રે !**
**એ મુજ ખ્યાલમાં રે.**

**તુજ અમીગીતતણું વાહન આ**
**ક્યારે બનું જીતી તુજ મન આ :**
**અદલ શમ્યું જીવન આ એક સવાલમાં રે !**
**એ મુજ ખ્યાલમાં રે.**
**તારી થાઉં રે વાંસળિયાં ક્યારે વ્હાલમા રે ?**

## વિજોગણ

શીઆળો શૂળે ગયો ને ઊનાળો ધૂળે વહ્યો,
સરવરિયાં છલકે રે મારી આંખમાં;
દીપ હોલાયા આંગણે ને ફૂલ સૂકાયાં ફાગણે,
સરસરિયાં વરસે રે શ્રાવણ સાખમાં.

કાગા બોલે બારણે ને દોડી જાઉં ઓવારણે,
ઊના રે ધખતા ત્યાં સૂના ઓટલા;
કોયલડી ફૂ ફૂ કરે ને કુંજલડી ચટકું ભરે,
હોળું ને ખોળું રે દિનભર ચોટલા.

સપનામાં કંઇ સાંપડે ને જાગી નજરે ના પડે,
ખાલી રે ઓશીકાં ખુંચે હાથને;
નીંદર નાવે આંખડી ને પળપળ પલકે પાંખડી,
લાગું રે ઘેલી હું સહિયર સાથને.

વીજ પડે કંઇ ઓતરે ને ચમકી દોડું ચોતરે,
શીળા રે વાતા દખ્ખણના વાયરા;
તારલિયા સહુ ચીંધતા ને હૈયાં મારાં વીંધતા,
વિખરાતા મારા રે દિલના ડાયરા.

પૂછું પળતાં પંથીડા ને પૂછું ઊડતાં પંખીડા :
મારગડે દીઠો રે કો વરણાગીઓ ?
મારગડા તો ધગધગે ને સૂના ડુંગર ડગમગે,

વાટે રે વહેતા જોગી વેરાગીઓ.

દેહલડી ધરણી ઢળે ને નયણાં મારાં નિગળે,
જીવડલો તલખે રે કાળા કાલમાં :
બોલ્યા ઘુંઘરા બારણે ને છાંટ્યાં નીર ઉતારણે,
ઝરમરિયા ઝમકે રે ઝગમગ, વ્હાલમા !

## ગગનનો ગરબો

ગગનનો ગરબો રે કે કોણે કોર્યો, સાહેલડી ?
જ્યોતિને ઝબકે રે કે ફૂલડે ફોર્યો, સાહેલડી ?
એવાં વિરાટ શાં રે કે આંગણ આંક્યાં,
સાહેલડી ?
કોનાં એ કામણ રે કે જોઇ જોઈ થાક્યાં,
સાહેલડી ?
ઊંડા આવાસમાં રે કે માજી રહેતાં, સાહેલડી,
રાસે કંઇ રમવા રે કે મન થયાં વહેતાં,
સાહેલડી !
ઊંચી અટારીથી રે કે માજી ઊતર્યાં, સાહેલડી,
ગરબો ઘુમાવતા રે કે અમીરસભર્યાં, સાહેલડી !
ઘૂમરીની ઘેરમાં રે કે માજી તો ફર્યાં, સાહેલડી,
ડગલે ને પગલે રે કે સર્જન સર્યાં, સાહેલડી!
માજીને મુખથી રે કે દેવગંગા રેલી, સાહેલડી,
માધુરી સૂરની રે કે એવી રહી ખેલી, સાહેલડી !
માજીના બોલથી રે કે આભ આભ ઊઘડ્યાં,
સાહેલડી,
ઘાડા અંધારનાં રે કે પડ પડ ઊપડ્યાં,
સાહેલડી !
માજીની સોડથી રે કે સર્યું આભ પાનું, સાહેલડી,
ઓજભરી આંખથી રે કે ઝર્યા કોતિ ભાનુ,

સાહેલડી !

માજીની તાળીએ રે કે સૂર્ય ચંદ્ર થાપ્યા,
સાહેલડી,
અણઠર્યા ઘૂમતા રે કે ગરબે વ્યાપ્યા, સાહેલડી !
માજીને પાવલે રે કે ફાલ કંઇ ફૂટ્યા, સાહેલડી,
કંકણ ખંખેરતાં રે કે ધૂમકેતુ છૂટ્યા, સાહેલડી !
માજીને ચાંદલે રે કે દિશદિશ ઝબકે, સાહેલડી,
ઝાંઝરને ઝમકે રે કે કુંકુમ ટપકે, સાહેલડી !
માજીની ઓઢણી રે કે ઘેરી ભૂરી, સાહેલડી,
અકલા કલાએ રે કે રસપૂરી, સાહેલડી !
ઊંડા ઊંડાણમાં રે કે સોણલે હાલ્યો, સાહેલડી !
માજીના શબ્દથી રે કે કાળ ઊઠી ચાલ્યો,
સાહેલડી !
ખાલી પોલાણમાં રે કે ચેતન જાગ્યાં, સાહેલડી !
અંધારાં સળક્યાં રે કે મૉરવા લાગ્યાં, સાહેલડી !
સૂતેલાં સત્યો રે કે જાગતાં ઝગારે, સાહેલડી,
સરકેલો દોરલો રે કે ફરી કર ધારે, સાહેલડી !
માજીને એકલાં રે કે ગાવાં ન ભાવ્યાં, સાહેલડી,
દેવો ને દેવીઓ રે કે સાથમાં બોલાવ્યાં,
સાહેલડી !
માજીને ગીતડે રે કે સૂરજ ડોલ્યા, સાહેલડી,
અગ્નિ ને અમીમાં રે કે ગ્રહો ઝબકોળ્યા,
સાહેલડી !
માજીને ગરબે રે કે કામણ ન્યારાં, સાહેલડી,
ગોળ ગોળ રે કે ફરતાં ને અંધારાં, સાહેલડી !
ગરબાના ગોફમાં રે કે તત્ત્વ સૌ ગૂંથાયાં,
સાહેલડી !
આંસુ ને હાસ્યનાં રે કે બંધને બંધાયા,

## સાહેલડી !

નિદ્રાની વચ્ચે રે કે જીવન જાગે, સાહેલડી,
રજનીની વચ્ચે રે કે દિન ઊગ્યો લાગે,
સાહેલડી !
અંતર અંગારા રે કે ફૂલડાં કપોલે, સાહેલડી !
શેરનાં છે ખેલવાં રે કે માજીને મહોલે, સાહેલડી !
આવજો, આવજો રે કે ગરબે ઘૂમવા, સાહેલડી !
માજીને આંગણે રે કે રંગભર રમવા, સાહેલડી !
માજીને પગલે રે કે પગલાં ઠમકો, સાહેલડી !
માજીના સૂરમાં રે કે સૂર પૂરી ઝમકો,
સાહેલડી !
માજીની તાળીએ રે કે તાળી દેજો, સાહેલડી !
ગરબે એ ઘૂમતાં રે લહાવ અદલ લેજો, સાહેલડી !
ગગનનો ગરબો રે કે આવજો ગાવા, સાહેલડી !
માજીના સાથમાં રે કે ઝીલવા ઝુલાવા, સાહેલડી !

## ચાંદની

આભલે થાળીભર છલકાય
કે ઊજળી ચાંદની રે લોલ,
હૈડાં ઊજળેરાં ઉભરાય,
કે લ્યો લ્યો ચાંદની રે લોલ!
આભલે ચંબેલીના વેલા
કે ફૂલડે લચી રહ્યા રે લોલ,
ફૂલે ફૂલે કિરણના રેલા
કે જગને સીંચી રહ્યા રે લોલ.
આભલે દૂધે સીંચ્યો ખીલ્યો
કે એક બટમોગરો રે લોલ :
એની પાંખડીએ છે ઝીલ્યો
કે સુરભૂમિનો ઝરો રે લોલ !
ઝીલો ઝીલો એ અમીની ધારા
કે સુરલોકથી સરે રે લોલ !
ઊજળી આંખોના અણસારા
કે ઊજળાં હૈયાં કરે રે લોલ !
ઝીલે મોગરા ને ચંબેલી
કે ખીલવે પાંખડી રે લોલ ;

ઝીલે ગુલછડી કો અલબેલી,
કે કુમુદની આંખડી રે લોલ !
ઝીલે વાદળી, સરિતા, સિંધુ,
કે હંસ ને મોરલા રે લોલ ;
ઝીલી ચાંદનીપૂર્યાં બિંદુ,
કે મોતીડાં ધરે કલા રે લોલ !
આવો, આવો સૌ ઝીલનારાં !
કે ઝીલતાં કાળપ જશે રે લોલ ;
ઊજળાં હાસ્ય એ વિધિનાં ન્યારાં
કે ઊજળે હૈયે વસે રે લોલ !
રસ રસ ચાંદની રે રેલાય
કે પરમ પ્રસાદની રે લોલ :
અમૃત ઊજળેરાં ઉભરાયઃ
કે લ્યો લ્યો ચાંદની રે લોલ !

## ઉષાનું ગાન

કે આભમાં ચાલે ઊંડી ગોઠડી રે,
કે હોલાતા રજનીના દીપ :
    કે રસિયાં ! જોજો શુભની વાટડી રે ;
કે ધીમે ઊઘડે બારી પૂર્વની રે,
ને આવું હસતી સર્વ સમીપ !
    કે રસિયાં ! જોજો શુભની વાટડી રે !
કે રવિરથની રજ આવે ઊડતી રે,
કે ઊભી ધરણી લઇ ફૂલછાબ :
    કે રસિયાં ! જોજો શુભની વાટડી રે ;
કે ગુલપાંદડીઓ ઊડે આભમાં રે,
કે ભૂ પર ખરતાં આભગુલાબ ?
    કે રસિયાં ! જોજો શુભની વાટડી રે !
કે વાદળ કૂદતી ઊતરું રે,
કે રજથી રાતાચોળ કપોલ :
    કે રસિયાં ! જોજો શુભની વાટડી રે ;
કે દૂરથી જોતાં ઓળા ભાગતા રે,
કે આવ્યો રંગ તણો વંટોળ !
    કે રસિયાં ! જોજો શુભની વાટડી રે !

અનુક્રમણિકા

કે વૃક્ષ હીંચોળી નાખું સ્વર્ગનું રે,
કે જગ પર વેરું તેના મૉર :
કે રસિયાં ! જોજો શુભની વાટડી રે ;
કે વહાલાં ! લૂંટજો એ આનંદને રે,
કે આશા મૉરે આઠે પહોર !
કે રસિયાં ! જોજો શુભની વાટડી રે !
કે આભે પાડું પ્રતિબિંબ સ્વપ્નનાં રે,
કે તેશું રમતાં રહો જન સર્વ :
કે રસિયાં ! જોજો શુભની વાટડી રે ;
કે આવો મારા કુંકુમ મહોલમાં રે,
કે દિન દિન ઊઘડે મુજ નવપર્વ !
કે રસિયાં ! જોજો શુભની વાટડી રે !
કે રવિરથ આવી થોભે બારણે રે,
કે આંગણે ઊતરશે નભદેવ :
કે રસિયાં ! જોજો શુભની વાટડી રે !
કે દેવચરણમાં આશા સૌ ફળો રે-
કે મારે તો જાવું તતખેવ !
કે રસિયાં ! જોજો શુભની વાટડી રે !

## રક્ષાબંધન

મોર્યા ને મહાલ્યા મેહુલા રે,
ભરભર નીતર્યાં નેવ રે, વીરાજી મારા !
બાંધો બળેવની રાખડી રે !
વીરાને આંગણ મહાલવા રે
આવી બહેનાંની બળેવ રે, વીરાજી મારા !
બાંધો બળેવની રાખડી રે !
આજે શ્રીફળની પર્વણી રે,
ધારે મહેરામણ ધીર્ રે, વીરાજી મારા !
બાંધો બળેવની રાખડી રે !
ગાજે બહેનીને અંતરે રે
કુળનો મહેરામણ વીર રે, વીરાજી મારા !
બાંધો બળેવની રાખડી રે !
રંગે ભરી મારી રાખડી રે,
અદભૂત રચાયું એનું તંત્ર રે, વીરાજી મારા !
બાંધો બહેનાંની રાખડી રે !
ગૂંથી એ વહાલને તાંતણે રે,
મોંઘા મળ્યા છે મહીં મંત્ર રે, વીરાજી મારા !
બાંધો બહેનાંની રાખડી રે !

અનુક્રમણિકા

લળકે કો દેવની આંખડી રે,
એવું લળકે છે એનું ફૂલ રે, વીરાજી મારા !
બાંધો બળેવની રાખડી રે !
બાંધ્યું છે દિલને દોરલે રે
બહેનીનું હેત કંઈ અતૂલ રે, વીરાજી મારા !
બાંધો બહેનાંની રાખડી રે !
વીરો કુળવાડીનો મોરલો રે,
હૈયું ઠર્યાનું એક ઠામ રે, વીરાજી મારા !
બાંધો બહેનાંની રાખડી રે !
સાત સાત પેઢીનો થાંભલો રે,
બહેનીની આંખનો આરામ રે, વીરાજી મારા !
બાંધો બહેનાંની રાખડી રે !
આવો વીરા ! બાંધું હાથમાં રે,
બહેનીનો સ્નેહઝલકાર રે, વીરાજી મારા !
બાંધો બહેનાંની રાખડી રે !
તૂટ્યા ન તૂટે કોઇથી રે,
ભાઇબહેનના એ તાર રે, વીરાજી મારા !
બાંધો બહેનાંની રાખડી રે !
મોંઘી બળેવની રાખડી રે,
મોંઘા બહેનાંના ઉરભાવ રે, વીરાજી મારા !
બાંધો બહેનાંની રાખડી રે !
મોંઘો તું વીર કુલદીવડો રે,
મોંઘા જીવનના એ લહાવ રે, વીરાજી મારા !
બાંધો બહેનાંની રાખડી રે !
વહેજો અભય તારી વાટડી રે,
જળજો અખંડ તુજ જ્યોત રે, વીરાજી મારા !
બાંધો બહેનાંની રાખડી રે !
ભવમાં અદલ પ્રભુ ! રક્ષજો રે
બહેનીની એકલ ઓથ રે, વીરાજી મારા !

બાંધો બહેનાંની રાખડી રે !

## ગોપિકા

મારી મટુકીમાં હો મહારાજ ! મહીડાં છલકે રે !
તારી વાંસલડી સુણી આજ, હૈડાં ઢળકે રે !-
મારી ગાવડિયોનાં શુદ્ધ ગોરસ મીઠડાં રે,
તારી બંસરીએ લૂંટી બુદ્ધ, પડતાં દીઠડાં રે,
ડાળે ડાળે મંજરી હાલે ઝૂલી પૂર :
બોલે બોલે બંસરી સુણતાં ડોલે મારું ઉર :
હૈડાં ઢળકે રે !
મારી મટુકીમાં હો મહારાજ ! મહીડાં છલકે રે !
આછી આછી ઉષાની રેલ જગમાં ધસતી રે,
મોંઘા મધુવનમાં કરે ખેલ હસતી લસતી રે :
એવી વેળ ભર્યાં મુજ એહ ગોરસ મીઠડાં રે,
તારી વાંસલડી સુણી તેહ પડતાં દીઠડાં રે,
કિલ્કિલ કરતી કોકિલા પળપળ દે પ્રતિસૂર :
જળથળ ઝૂમે કોડિલાં, સુણતા ઘૂમે મારું ઉર :
હૈડાં ઢળકે રે !
મારી મટુકીમાં હો મહારાજ ! મહીડાં છલકે રે !
ધીમે ધીમે પડે ધણ સંગ, રવિનાં પગલાં રે;
ફૂલે ફૂલે ફૂટે નવરંગ, ભરતા ડગલાં રે;
ચાલી લઇને હું તો ઘર બહાર ગોરસ મીઠડાં રે,
તારી બંસરીને સ્વરધાર પડતાં દીઠડાં રે !

અનુક્રમણિકા

ચારો ચરતી ગાવડી થોભે ઘડીભર દૂર :
અનહદ લોલે આવડી, સુણતાં ડોલે મારું ઉર :
હૈડાં ઢળકે રે !
મારી મટુકીમાં હો મહારાજ ! મહીડાં છલકે રે !
ઊભો રહી શું વગાડે એમ, બંસરી ઝરતી રે !
હાવાં ધગધગતી ઝટ તેમ બળશે ધરતી રે :
હો રે ઝીલ ! ઢોળાઈ જાય, ગોરસ મીઠડાં રે,
મારો પાલવડો ભીંજાય પડતાં દીઠડાં રે !
હું ગુણહીણી ગોપિકા, તું ગુણસાગર શૂર :
મહીડાં મારાં ઝીલી લે, પછી આ ખીલે મારું ઉર :
હૈડાં ઢળકે રે !
મારી મટુકીમાં હો મહારાજ ! મહીડાં છલકે રે !

## મેઘને

1

ઓ મેઘ ! વૃષ્ટિ લાવજે,
તુજ રેલ અહિં રેલાવજે !
ગડગડ કરી,
ભડભડ ભરી,
રણવાદ્ય તુજ વગડાવજે !-
ધરણી વિશે કંઇ તાપના સંતાપ છે,
પૂઠે પડ્યાં મનહરમુખી કંઈ પાપ છે;
એ સર્વને તુજ રેલમાં ઘસડી જઈ હોમાવજે;
ઓ મેઘ ! કર કર વૃષ્ટિ !
દૂર દૂર સર્વ એ વ્હેવડાવજે !

2

આકાશને સહુ છાઇ દે;
તુજ સફળ દળની વધાઇ દે;
સરસર સરી,
રસરસ ઝરી,
જગને અમીરસ પાઇ દે !-
નિર્દોષ કંઇ જગબાળકો અથડાય છે,
જીવન નિરસ ગણીને નિરાશ જ થાય છે,

તું તેમનાં ઉર છાઇને આશા નવી અંકાવજે,
ઓ મેઘ ! કર કર વૃષ્ટિ !
રસરસ અંતરે ઉછળાવજે 1

3

તુજ બાણ રંગીન તાણજે,
મહિં રંગ હસતા આણજે;
દિનકરતણા
મુખ સપ્તના
હયના ખુંખાર પ્રમાણજે !-
શુદ્ધ પ્રેમને જગમાં હું જોઉં રીબતો,
બહુ શોકઘેરા રંગમાં ડૂબી જતો;
એ પ્રેમમાં તુજ બાણના રંગો મુદિત રંગાવજે,
ઓ મેઘ ! કર કર વૃષ્ટિ !
તુજ શીત હાસ્યમાંહિ હસાવજે 1

4

તુજ દાન દેતો ઘૂમીને
કર તૃપ્ત ભૂખી ભૂમિને !-
સહુ ભય હરી,
જય જય કરી,
ઉર ઠારશે પદ ચૂમીને !-
ભૂખ્યાં ભૂખ્યાં આ જગતનાં બહુ માનવી,
તૃષ્ણા ઊંડી અતિ વિકટ છે સહુ જાણવી ;
જરી વેળ પણ તું તેમની ઊંડી ભૂખને ભૂલાવજે,
ઓ મેઘ ! કર કર વૃષ્ટિ !
જય જય તહારી ત્યાં ઉચરાવજે !

5

અયિ ! કૂદતો કંઇ આવજે !
ભર સિંધુને ઉછળાવજે 1
જળપૂરમાં
ખુબ શૂરમાં
નદી ને ઝરા દોડાવજે !
આ દેશનું વીરત્વ મંદ પડી ગયું,
ઊડ્યું તેજ, કાળપ્રહાર સહી જ રડી રહ્યું;
તેને જગાવી મંત્ર ફૂંકી ઊર્મિઓ ઉકળાવજે,
ઓ મેઘ ! કર કર વૃષ્ટિ !
હરહર વીરહાક પડાવજે !

6

જળધોધ તહારા ડોળતો
પડ ગ્રીષ્મને ચગદોળતો;
નભ ભરી નીરે,
તુજ રિપુશિરે
નાચી રહે રણ રોળતો !-
જૂઠાં કલહ ને કપટ આ સંસારમાં,
વળી ક્રૂરતા ને દ્વેષ કંઇ નરનાર્માં;
એ સર્વ સુખરિપુને જગતમાંથી હરાવી હઠાવજે,
ઓ મેઘ ! કર કર વૃષ્ટિ !
સૌ તુજ ધોધમાં વ્હેવડાવજે !

7

ઓ મેઘ ! વૃષ્ટિ લાવજે !
પશુપંખીને હરખાવજે !
તુજ રવ ભરી
છલછલ કરી
ઉર ગાનમાં છલકાવજે !-

કવિ-અંતરે કદી રુષ્કતા આવી વસે,
નિરસ કદરહીણ જગતથી મંદ જ થશે;
તેને ફરી તું જગાવીને તુજ ગાનપાન કરાવજે,
ઓ મેઘ ! કર કર વૃષ્ટિ !
        તુજશું કલ્પના વ્હેવડાવજે !

## 8

રસધર ! ઊતર આકાશથી !
રમિયે અહીં ઉલ્લાસથી
    જગ અણદીઠા
    અદભુત મીઠા
કંઇ ખેલ રાસવિલાસથી !
મુજ હૃદયને ચમકારથી ચમકાવી દે !
રસ દિવ્યધામથકી ઊંડો મધુ લાવી દે !
રે આવ ! કૂદિયે નાચિયે !
    કંઇ વિવિધ ભાવ જગાવિયે !
ઓ મેઘ ! કર કર વૃષ્ટિ !
    જગને રસરસે ન્હવડાવિયે.

## અમારો દેશ

અમે ભરતભૂમિના પુત્રો !
અમ માત પુરાણ પવિત્ર,
રે જેનાં સુંદર સૂત્રો
ઝળકાવે ઉચ્ચ ચરિત્ર;
અમ અંતરને ઉદ્દેશી
કરશું હોકાર હમેશાં-
અમે દેશી, દેશી, દેશી !
ઓ દિવ્ય અમારો દેશ !
અંધાર વિશે અથડાતાં,
કે ફરતાં ભવ્ય પ્રકાશ,
પડતાં રડતાં રગડાતાં,
કે કરતાં હાસ્યવિલાસ :
પળ પળ અમ ઉરનિધિએ શી
હા ઊછળે ઊર્મિ અશેષ !-
અમે દેશી, દેશી, દેશી !
ઓ દિવ્ય અમારો દેશ !
કયાં હશે હિમાલય જેવા ?
કયાં પુણ્યપવિત્ર જ ગંગ ?
કયાં મળે અલૌકિક એવા

અનુક્રમણિકા

સહુ દેશતણા બહુ રંગ ?
કયાં મુનિ ઇશ્વરજન બેશી
કરતા પ્રભુપંથ ઉજેશ ?-
અમે દેશી, દેશી, દેશી !
ઓ દિવ્ય અમારો દેશ !
કયાં રામ યુધિષ્ઠર ઘૂમ્યા ?
ક્યાં ગરજ્યા અર્જુન ભીમ ?
ક્યાં રજપૂત વીર ઝઝૂમ્યા
બળ દાખવવા જ અસીમ !
રે ભૂલિયે તે રીતે શી
અમ અંતરથી લવલેશ ?-
અમે દેશી, દેશી, દેશી !
ઓ દિવ્ય અમારો દેશ !
નથી રે જીવવું પરઆશે :
છે પારકી આશ નિરાશ :
નથી કર ધરવો કો પાસે:
સ્વાશ્રયનો છે ઉલ્લાસ,
કંઈ પુણ્યપ્રભા જ પ્રવેશી
અહિં દે અમને ઉપદેશ-
અમે દેશી, દેશી, દેશી !
ઓ દિવ્ય અમારો દેશ !
ધમધમ ધરણી ધુજવીશું,
અમ દેશતણાં કરી ગાન;
જયજય જયનાદ કરીશું,
દઈશું મોંઘા અમ પ્રાણ !-
એ ભક્તિ વસી ઉર, તે શી
દેજો શક્તિ પરમેશ !
અમે દેશી, દેશી, દેશી !
ઓ દિવ્ય અમારો દેશ !

અનુક્રમણિકા

## હલદીઘાટનું યુદ્ધ

'વીરા ! ચાલો ઝટ રણમાં,
કાઢો તાતી તલવાર !
હર હર હર નાદે ઘૂમતા
કરિયે અરિનો સંહાર !
રણધીરા હે રજપૂતો,
મુજ અંગતણા શણગાર !
રે ચાલો હલદીઘાટે,
શૂરા બાવીશહજાર !
'વીરા ! શું શૌર્ય ગયું છે ?
શું રજપૂત થશે ગુલામ ?
મેવાડ પરાધીન બનશે ?
શું જશે શિશોદિય નામ ?-
નહિ, નહિ, નહિ ! રણમાં ચાલો,
ઝળકાવો તમ હથિયાર !
રે ઘુમો રાણા સાથે
શૂરા બાવીશહજાર !
'વીરા ! તમ આજે રણમાં
વ્હેશે અસ્ખલિત પ્રવાહ :
રજપૂત-ગૌરવ હજી પણ છે

તે જોશે અકબરશાહ !
રે આજ પ્રતાપ પ્રતાપે
ઘૂમી રહેશે રણમોઝાર,
ને સાથે ઝૂઝશે તેના
શૂરા બાવીશહજાર ! '
ગર્જન કરી એમ પ્રતાપે
ઝૂકાવ્યું રણે શરીર;
હોંકાર કરી ત્યાં ઉછળ્યા
રાઠોડ, શિશોદિય વીર,
ચંદાવત, સંગાવત ને
ઝાલા, ચોહાણ, પ્રમાર-
રિપુને હણાવાને કૂદ્યા
શૂરા બાવીશહજાર !
મોગલ યુવરાજ સલીમ ને
અંબરપતિ મહાવીર માન
લઈ સૈન્ય અસંખ્ય જ ઊભા
કંઈ સિંધુતરંગ સમાન !
પણ મૃગટોળામાં કૂદે
વનરાજ કરી હોંકાર,
ત્યાં કૂદ્યા તેમ પ્રતાપી
શૂરા બાવીશહજાર !
ધડ ધડ ધડ થાય ધડાકા
ખુબ તોપતણા ચોપાસ,
કડ કડ કડ તૂટી પડતું
નીચે આવે આકાશ !
તેને ન જરા ગણકારી,
ધરી અંતર શૌર્ય અપાર,
ત્યાં મૃત્યુમુખે હોમાતા
શૂરા બાવીશહજાર !

આજે નથી પાછું ફરવું,
   સમરાંગણ છે અવસાન;
રિપુને હણવું કે મરવું :
   છે એ જ અમારી લ્હાણ !-
એવું કહી સહુ ઝૂકાવી
   મોગલને મારે માર :
રે રેલ સમા ત્યાં રેલે
   શૂરા બાવીશહજાર !
રણવીર પ્રતાપ બધે ત્યાં
   કરતો ઘૂમી નાદ પ્રચંડ,
ખરું આજ પ્રકાશિત કીધું
   રણમાં નિજ શૌર્ય અખંડ !
ભેદી અરિહાર ધસ્યો તે
   ખુદ સલીમ હતો જે ઠાર;
હર હર હર કરતા ગરજ્યા
   શૂરા બાવીશહજાર !
આકાશ ધરા ત્યાં કંપ્યાં,
ડોલ્યા ચૌદે બ્રહ્માંડ !
રણક્ષેત્રે આરંભાયો
શો ભીષણ હત્યાકાંડ !
ઢગના ઢગ વીરો પડતા,
નહિ શબનો કાંઈ સુમાર;
લડતા અગણિત મોગલ ને
 શૂરા બાવીશહજાર !
માર્યા રક્ષક ને મ્હાવત
રાણાએ રાખી રંગ,
ને સલીમતણા ગજપર ત્યાં
નિજ અશ્વે મારી છલંગ !
પણ ગજ નિજ પતિને લઇને

ત્યાંથી નાઠો તે વાર;
રાણા સહ પાછળ દોડ્યા
શૂરા બાવીશહજાર !
'અલ્લા હો અકબર' કરતા
ત્યાં કૂદ્યા મોગલ સર્વ;
નથી ભીરુ બન્યા હજી કાંઈ,
નહિ રણમાં ખોશે ગર્વ ;
ત્યાં ફરી વળી ચોપાસે,
કીધો પ્રભુનો ઉદ્ધાર,
ને ઘેર્યા રાણા સાથે
શૂરા બાવીશહજાર !
પણ વીર્ય અપૂર્વ જ કાંઈ
છે પ્રતાપકેરું આજ !
એકલડો સોની વચ્ચે
તે ઘૂમી રહ્યો સિંહરાજ !
અર્જુન શું આજે તેનો
યશ પામ્યો છે વિસ્તાર !
હા ધન્ય પ્રતાપ ! અને તુજ
શૂરા બાવીશહજાર !
એ યુદ્ધ થકી ત્રણ વેળા
રજપૂત યોદ્ધા દઇ પ્રાણ,
ઉગારી લાવ્યા બળથી
નિજ રાણાને નિર્વાણ.
પણ જોઈ વીરો નિજ પડતા,
ફરી ભેદી ધસ્યો અરિહાર !
નહિ જાણ્યું હવે નથી સઘળા
શૂરા બાવીશહજાર !
અતિ રોષથકી બની ગાંડા,
ઘેર્યો રાણાને ત્યાંય;

અનુક્રમણિકા

ઝબઝબઝબ ચપળા જેવી
ચમકી અસિયો રણમાંય !
જાણે ન પ્રતાપ હવે કંઈ
મોગલથી બચે લગાર,
નથી રહ્યા હવે સહુ તેના
શૂરા બાવીશહજાર !
એ સ્થિતિ રાણાની જોઈ
ઝાલાપતિ લઇ નિજ વીર,
મૂકી છત્ર પ્રતાપનું માથે
રણમાં દોડ્યો રણધીર !
દિલ્લીશ્વર્કેરૂં ઊલટ્યું
ત્યાં સૈન્ય અસંખ્ય જ ત્યાર,
રે ટપટપ ધરણી ઢળતા
શૂરા બાવીશહજાર !
પણ રિપુને હણતા પહોંચ્યા
વીર રજપૂત રાણા પાસ,
છોડવી મૃત્યુમુખમાંથી
લાવ્યા રજપૂતની આશ !
પણ ઝાલાવીર પડ્યો ત્યાં,
નિજ ધર્મ બજાવી સાર,
ને રત્ન સહસ્ર ગુમાવ્યા
શૂરા બાવીશહજાર !
ધડ ધડ ધદ થાય ધડાકા
ખુબ તોપતણા ચોપાસ,
કડ કડ કડ તૂટી પડતું
નીચે આવે આકાશ !
અ સૈન્ય અસંખ્ય વિશેથી

નીકળ્યા રજપૂત પછી બહાર :
નહિ ફર્યા અરે કંઇ સઘળા
શૂરા બાવીશહજાર !

*

રાણાએ તે દિન અંતે
છોડ્યું રણ હલદીઘાટ,
પણ જગતે જોયો તેની
શૂરી અસિનો ચળકાટ !
નથી ભારતજન કદી ભૂલ્યા
એ યુદ્ધતણા ભણકાર,
સહુ સ્મરે પ્રતાપ અને તે
શૂરા બાવીશહજાર !
હા ધન્ય વીરા રજપૂતો !
છે ધન્ય જ તમ તલવાર !
શું કીર્તિ તમારી જગમાં
કદી કરમાશે પળવાર ?
ઘરઘર અહિં હરનિશ ગાશે
તમ શૌર્યગીતો નરનાર !
રે ધન્ય પ્રતાપ અને ઓ
શૂરા બાવીશહજાર !

## ગુણવંતી ગુજરાત

ગુણવંતી ગુજરાત !
અમારી ગુણવંતી ગુજરાત !
નમિયે નમિયે માત !
અમારી ગુણવંતી ગુજરાત !

મોંઘેરા તુજ મણિમંડપમાં
ઝૂકી રહ્યાં અમ શીશ :
માત મીઠી ! તુજ ચરણ પડીને
માગિયે શુભ આશિષ !-
અમારી ગુણવંતી ગુજરાત !

મીઠી મનોહર વાડી આ તહારી
નંદનવન શી અમોલ :
રસફૂલડાં વીણતાં ત્યાં
કરિયે નિત્ય કલ્લોલ !-
અમારી ગુણવંતી ગુજરાત !
સંત મહંત અનંત વીરોની
વ્હાલી અમારી માત !
જય જય કરવા તહારી જગતમાં
અર્પણ કરિયે જાત !-
અમારી ગુણવંતી ગુજરાત !

અનુક્રમણિકા

ઊંડા ઘોર અરણ્ય વિશે કે
સુંદર ઉપવનમાંય :
દેશવિદેશ અહોનિશ અંતર
એક જ તહારી છાંય !-
અમારી ગુણવંતી ગુજરાત !
સર સરિતા રસભર અમીઝરણાં,
રત્નાકર ભરપૂર :
પુણ્યભૂમિ ફળફૂલ ઝઝૂમી,
માત ! રમે અમ ઉર !-
અમારી ગુણવંતી ગુજરાત !
હિન્દુ, મુસલમિન, પારસી-સર્વે
માત ! અમે તુજ બાળ :
અંગ ઉમંગ ભરી નવરંગે
કરિયે સેવા સહુ કાળ !-
અમારી ગુણવંતી ગુજરાત !
ઉર પ્રભાત સમાં અજવાળી
ઢાળી દે અંધાર !
અકસ્વરે સહુ ગગન ગજવતો
કરિયે જયજયકાર !-
અમારી ગુણવંતી ગુજરાત !
નમિયે નમિયે માત ! અમારી ગુણવંતી ગુજરાત !

## દૂધડાં દોહતી

ગોરા ઉજાસ, ગોરાં વહાણલાં, મનમોહનજી !
ગોરાં ગોરાં ગોકુલનાં ગામ :
દૂધડાં દોહું રે મનમોહનજી !
ગોરી ચંબેલી, ગોરી વાદળી, મનમોહનજી !
ગોરી ગોરી હું ને તમે શ્યામ :
દૂધડાં દોહું રે મનમોહનજી !
કાળી ભૃકુટી, કાળી આંખડી, મનમોહનજી !
કાલી કાલી તમારી વાત :
દૂધડાં દોહું રે મનમોહનજી !
આવી અડપલાં માં કરો, મનમોહનજી !
મારા દૂધ દોહવણિયા હાથ :
દૂધડાં દોહું રે મનમોહનજી !
કાળાં અખાડિયાં આભલાં, મનમોહનજી !
કાળા કાજળિયા અંધાર :
દૂધડાં દોહું રે મનમોહનજી !
કાળી કાળી મારી ગાવડી, મનમોહનજી !
તેની ગોરી આ દૂધની ધાર :
દૂધડાં દોહું રે મનમોહનજી !
કાળા ભ્રમર ભમે વાડીમાં, મનમોહનજી !
ગોરાં ગોરાં કમળનાં ફૂલ :
દૂધડાં દોહું રે મનમોહનજી !

અનુક્રમણિકા

દિલે સિંહાસન દેવનાં, મનમોહનજી !
કરજો કાળાં ગોરાંનાં મૂલ :
    દૂધડાં દોહું રે મનમોહનજી !
કાળી કૂજે કહિં કોકિલા, મનમોહનજી !
ગોરા ગોરા આંબાના મહોર :
    દૂધડાં દોહું રે મનમોહનજી !
આઘે વગાડો તમ વાંસળી, મનમોહનજી !
દો'તા દહાડો જશે ચઢી પહોર :
    દૂધડાં દોહું રે મનમોહનજી !
કાળાં તળાવ, ગોરા હંસલા, મનમોહનજી !
ઊંડા ઊંડા જીવનના બોલ :
    દૂધડાં દોહું રે મનમોહનજી !
લાવો મટુકી તમ આત્મની, મનમોહનજી !
આ દૂધડાંના સ્વાદ છે અમોલ !
    દૂધડાં દોહું રે મનમોહનજી !

## વીર બાળક બાદલ

1

અલાઉદ્દિન ખિલજી જવ આવ્યો,
ચિતોડને જીતવા દળ લાવ્યો,
વીર્યપ્રતાપ અખંડ બતાવ્યો
એવો કોણ હતો નરવીર ?
કોની આજ કથા તે કરીએ,
કોનાં ગાનથકી ઉર ભરીએ,
કોની પ્રતિમા નજરે ધરીએ,
કોણ હતો એવો રણધીર ?
બાર વસંત ન દીઠી પૂરી,
બાદલવીર ! બાદલવીર !
કોમળ જેની કાંતિ મધુરી,
બાદલવીર ! બાદલવીર !
બાર વસંત ન દીઠી પૂરી,
અદભુત તે શી પ્રતિમા શૂરી,
રણ શોભાવે બાદલવીર !

2

ચિતોડના બાળકનૃપ પક્ષે,
ભીમસિંહ બંધુસુત રક્ષે,
તેની લલિતા રંભા લક્ષે

યવનેશ્વર મોહી થઈ પૂર;-
અલાઉદિન ઘેરો લઈ આવ્યો,
નહિ નિજ આશ વિશે કંઇ ફાવ્યો;
છલકપટે ભીમસિંહ બંધાવ્યો :
રમણી દે તો છૂટે શૂર !
શું રજપૂતાણી યશ ખોશે ?
બાદલવીર ! બાદલવીર !
શું વીર ભ્રષ્ટ કુસુમ એ જોશે ?
ના, ના, શૂર પદ્મા ના રોશે !
હાક પડાવે બાદલવીર !

3

અલાઉદિન ગર્વે નિજ ફૂલે,
એવે કંઈ સુણતાં ઉર ફૂલે,
ચિતોડની પદ્મિની ત્યાં ઝૂલે
દ્વારે નિજ દાસીઓ સાથ :
ડોળીઓ શતશપ્ત પધારી
યવનમુકામ સમીપ ઉતારી,
રમણી સાટે રણવીર ભારી
નીકળ્યા અસિ ફેરવતા હાથ !
ગોરા કાકાશું ત્યાં ઘૂમે,
બાદલવીર ! બાદલવીર !
થઈ રજપૂત સરદાર ઝઝૂમે,
બાદલવીર ! બાદલવીર !
ગોરા કાકાશું ત્યાં ઘૂમે,
થઈ રજપૂત સરદાર ઝઝૂમે,
રિપુદળ ધૂળ પળેપળ ચૂમે :
રણ ધૂજાવે બાદલવીર !

4

હથિયારે વીજળીઓ ચમકે,
રણગગડાટે ધરણી ધમકે,
વીર બાળક અશ્વે ત્યાં ઠમકે,
ન ગણે ઘા નિજ સૌમ્ય શરીર !
ગોરો ભૂમિ પડ્યે ના ખાંચ્યો,
ભીમસિંહ મુક્ત કરીને રાચ્યો,
બળવંતા અરિને શિર નાચ્યો :
વિજયી આવ્યો બાદલવીર !

## ગુજરાતનો યજ્ઞકુંડ

દુ:ખમાં શૂરા રે, ઓ ગુજરાતી વીરા !
આવો, પૂરા રે ખમવા દુ:ખના ચીરા !
કડકડ ફૂટે કડાકા, પર્વત ફૂંકે ફાટે;
ઝળઝળ જ્વાળા વ્યોમ જળાવે :
ઊભા રહો દૃઢ વાટે !
દુ:ખમાં શૂરા રે !
નથી પડવું યાહોમ કરીને આજે અંધશૂરાનું ;
નથી અબળને દમવું : આ છે જડચેતનનું લ્હાણું !
દુ:ખમાં શૂરા રે !
સત્યજ પ્રભુના પ્રાણ અમારા, સત્યજ અંગ અમારાં;
સત્યજ રક્ત વહે અમ નસમાં,
સત્યજ વ્રત અમ ન્યારાં :
દુ:ખમાં શૂરા રે !
માયા સૌ ઘરબાર તણી ને સુખની ડોળી દફની;
આત્મશૌર્યનાં શ્વેત સજ્યાં પટ,
ના કાયરની કફની :
દુ:ખમાં શૂરા રે !
પાય પડ્યા, વિનવ્યા કંઇ કંઇ,
શું હૃદયહીણને રટવું !
હવે પડ્યા રગડાવા રણ ત્યાં

ના હઠવું, ના હઠવું !
દુ:ખમાં શૂરા રે !
ભારતદુ:ખ શિરે અમ લેતાં,
હૈયાં કેમ ન ફૂલે ?
ઓ ભારત ! નિધિ પાર ઊતરજો
અમ શબઢગને પૂલે !
દુ:ખમાં શૂરા રે !
વાટે ઘાટે છાતી ફાટે થાય સ્નશાની દુનિયા;
નવલખ આંખે વ્યોમ રૂવે પણ
પાછું જુએ ન મરણિયા !
દુ:ખમાં શૂરા રે !
એ જ અલખની ધૂન અમારી,
મૂગે મુખ દુ:ખ સહેવું :
બેડીની જડ અરિ પણ
આખર રોશે એવું :
દુ:ખમાં શૂરા રે !

## વસંતની સાથે

વસંતની સાથે નહીં કોયલ ધરાને તજે,
પ્રિયાકંઠે વસી રાખે અણતૂટ્યો સૂર;
પૂર્ણિમાનો ચંદ્ર નથી ડૂબતો પ્રભાત થતાં,
પ્રિયાઉરે ઠરી પામે બેવડું તે નૂર;
લંગર સોનેરી નાખી સાંઝે દિન થોભે નહીં
તેજ રંગ એનાં ખીલે પ્રિયાને કપોલ;
ઘડી ઘડી પૂછો ના કે ક્યાં ગયું, તે ક્યાં રહ્યું :
બધી કુદરતનું એ કેંદ્ર છે અમોલ !

શીળી સરત્પૂર્ણિમાની રાતે સહુ તારલીઓ
દૂધધોળી ચંદ્રિકામાં ધોય નિજ અંગ;
સ્વાતિબુંદ ઝીલી છીપ મોતી કરી તેમાં ભરે
સ્નાનશુદ્ધ તારલીની જ્યોતિ કેરા રંગ;
પૂર્ણિમા વધાવવાને પ્રિયા લાવી થાળ ત્યારે
થયાં અજવાળાં જાણે ઊગ્યું શું પ્રભાત :
કમળ ચકોર જાગ્યાં, ચંદ્ર પણ લાગ્યો ફીકો-
મેં યે ભરમાઈ પ્રિયા પૂજી આખી રાત !

લાલ લીલા રંગો કેરી શાલ નિજ ખભે નાખી
પ્રભાતકુમારી આવે રમતી દિગંત,

ઉષારંગે ગુંથ્યો એવો ગળપટો નાખી પ્રિયા
હેમંતપ્રભાતે આવે ખેતરને પંથ;
કુંળી કુંળી પગલીઓ પ્રિયાની જ્યાં પડતી ત્યાં
ઉગી રહેતાં લીલા વચ્ચે અરુણાં ગુલાબ;
હેમંતપ્રભાતે આવે પ્રિયા મારે ખેતરે ત્યાં
ભરભર રંગે મારી ખીલે ઉરછાબ.

પ્રિયા, જો આ દેહ મારો દે'રા જેવો બની રહ્યો;
હૈયાના સિંહાસને તું મૂર્તિ બેઠી માંહ્ય;
ખંડે ખંડે પ્રેમજ્યોતિ બળે છે અખંડ તેમાં,
પૂજારી આ પ્રાણ નિત્ય પૂજા કરે ત્યાંય;
આંખો ઘડી ઘડી પાણી ભરી ભરી લાવે ઊંડાં,
કાન સાધુ સંત જેવા ધરે ઊંડું ધ્યાન;
સોહં સોહં ચાલે શ્વાસ, રસનાએ ભક્તિરાસ,
આરતીએ ઊતરે છે જીવનનું ગાન.

સુ સુ થતા પવનની કેશવાળી ઝાલી હું તો
ઘૂમી વળું જગતની ગુહાઓ તમામ;
ઊડી જતી વીજળીની અગ્નિપાંખે બાઝી પડી
ઉતારીને લાવું તેને ધરા કેરે ધામ;
ગરજી ગજાવે બધી ધરાને ધ્રૂજાવે ભારી,
એવા અતિ ઉગ્ર પણ બાંધુ મહાઘોધ :
કેમ મારા પ્રેમે તારા હૃદયને બાંધું, પ્રિયા,
તે ન હજી જાણું તેની કરું ક્યાં રે શોધ ?

કદી મારા જીવનની સાંઝ આવી રહેશે ઊભી,
અને મારો સૂર્ય ડૂબી જશે છેલ્લી વાર,
રખે મારાં સ્નેહીઓ કો રોતાં મારી પૂઠે આવે,

અનુક્રમણિકા

થતો મારા આત્માનો જ્યાં સૌંદર્યવિસ્તાર !
જગતના પ્રણયીઓ ! આવજો વિજયવંતા,
પ્રેમ પાછો પામશે અનંતતાનું રાજ-
પ્રિયા, મારા દિવસને ઢાંકજે તું તારે હાથે,
અને મુજ રાત્રિશિરે દેજે પ્રેમતાજ !

## શંખનાદ

ભારતી ભૈયા રે ! શંખ સુણ્યો ન હજી શું ?
બેસી રહીશું રે, કે ઝટ સાજ સજીશું ?-
ભારતમૈયા આજ બધાને સત્વર રણ બોલાવે;
વીરજનોને ત્યાં શું ટકટક જોયાં કરવું ફાવે ?
ભારતી ભૈયા રે !
શંખ સુણ્યા કે વીરજનોનાં ગજગજ
ફૂલે હઇડાં;
તન તણખે ત્યાં ભૂલે ગોરી ગોવાલણનાં મહીડાં !
ભારતી ભૈયા રે !
હાક પડે ત્યાં રક્ત શૂરનાં આભ ઊછળતાં ધાશે;
થશે મરસિયા કાયરના ને જુલમીઓ ડર ખાશે.
ભારતી ભૈયા રે !
ભારતમૈયા પડી ઘવાશે, અરે ધસો ઝટ સાહ્યે !
લાખ જખમ પણ પલક રુઝાશે એક શૂરની છાંયે !
ભારતી ભૈયા રે !
એક હાથ રક્ષકવીરાનો સો ઘાતક શરમાવે :
ધર્મ સ્વદેશથકી લડતાં પણ મરવું મૃત્યુ દીપાવે !
ભારતી ભૈયા રે !

વીરા ! આવો, માત ઊગરતાં ઉગારવી સો પેઢી :
મરશું તોપણ ધન્ય બનીશું, મૃત્યુ વિષે ક્યાં બેડી ?
ભારતી ભૈયા રે !

ઓ આ શંખ પ્રબળ ફૂંકાયા ! ડંખ દિલેદિલ લાગે !
ફરફર, વીર અદલ કાજે આ અમુલખ અવસર જાગે !
ભારતી ભૈયા રે !

## હે ભારતના લડવૈયા

1

હે ભારતના લડવૈયા !
તગતગતી તમ તરવાર;
જેણે ચપલાચમકાર સમો
ઝળકાવ્યો જગ ઝલકાર-
લ્યો હાથ ફરી તે, કેસરિયા !
ઉછળાવો તે રણમાંય,
ભારત કાજ
ઘૂમવા આજ,
જ્યારે દળવાદળ ઘેરાય !
જ્યારે નભ ફાટે કકડાટ કરી,
ને દળવાદળ ઘેરાય !

2

વીરા ! ભારત નહિ જાણે
ધરણી પર બીજો મર્મ :
ઉર સત્ય અને પતિભક્તિ વસે,
ભૂલે નવ ધારણ ધર્મ.

અનુક્રમણિકા

હા, નિશ્ચલ એમ હિમાલયશું,
દીપાવો તમ વર કાય,
દેશ વિદેશ
પતિ પર લેશ
જ્યારે દળવાદળ ઘેરાય !
જ્યારે નભ ફાટે કકડાટ કરી,
ને દળવાદળ ઘેરાય !

3

ભૈયા ! તમ પૂર્વજ કેરા
ઘૂમશે ઘેરા સિંહનાદ;
શિખરે શિખરે, કુહરે કુહરે,
જે નિજ રુધિરે દે યાદ !
નમ અર્જુન, અકબર, રુસ્તમની
તમને ફૂદવશે ઝાંય,
ઊછળી પૂર,
લડવા શૂર,
જ્યારે દળવાદળ ઘેરાય !
જ્યારે નભ ફાટે કકડાટ કરી,
ને દળવાદળ ઘેરાય !

4

શૂરા ! રણમાં ઝુકાવો !
છાતી ફૂલે ભરપૂર :
રણમાં લડવું મરદાઇ થકી,
રણમાં પડવું બહાદૂર !
પડઘમ કડકે, તોપો ધડુકે,
ત્યાં ફાળ ભરો તમ પાય;
રમતાં જંગ,
રાખો રંગ,
જ્યારે દળવાદળ ઘેરાય !

અનુક્રમણિકા

જ્યારે નભ ફાટે કકડાટ કરી,
ને દળવાદળ ઘેરાય !

5

ભૈયા ! તમ તેજધજા તો
ઊડશે નભમાં રણવીર :
ધિમિકિટ ધિમિકિટ ધિમિકિટ કરતા
વિજયી ફરશો રણધીર :
ત્યારે તમ જયગીતો ગાશું
ફૂલડાં વેરંતાં ત્યાંય,
કરશું ત્યારે
તમ જયકાર,
જ્યારે દળવાદળ ઘેરાય !
જ્યારે નભ ખોલે નવહાસ્ય મુખે,
ને દળવાદળ વેરાય !

## સદાકાળ ગુજરાત

1

જ્યાં જ્યાં વસે એક ગુજરાતી,
ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત !
જ્યાં જ્યાં ગુજરાતી બોલાતી,
ત્યાં ત્યાં ગુર્જરીની મ્હોલાત.
ઉત્તર દક્ષિણ પૂર્વ કે પશ્ચિમ,
જ્યાં ગુર્જરના વાસ;
સૂર્યતણાં કિરણો દોડે ત્યાં
સૂર્યતણો જ પ્રકાશ :
જેની ઉષા હસે હેલાતી, તેનાં તેજપ્રફુલ્લ પ્રભાત !
જ્યાં જ્યાં વસે એક ગુજરાતી,
ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત !

2

ગુર્જર વાણી, ગુર્જર લ્હાણી,
ગુર્જર શાણી રીત;
જંગલમાં પણ મંગલ કરતી

ગુર્જર ઉદ્યમપ્રીત :
જેને ઉર ગુજરાત હુલાતી,
તેની સુરવન તુલ્ય મિરાત;
જ્યાં જ્યાં વસે એક ગુજરાતી,
ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત !

3

કૃષ્ણ, દયાનંદ, દાદા કેરી
પુણ્યવિરલ રસભોમ;
ખંડ ખંડ જઇ ઝૂઝે ગર્વે-
કોણ જાત ને કોમ !
ગુર્જર ભરતી ઊછળે છાતી,
ત્યાં રહે ગરજી ગુર્જર માત;
જ્યાં જ્યાં વસે એક ગુજરાતી,
ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત !

4

અણકીધાં કરવાંના કોડે,
અધૂરાં પૂરાં થાય;
સ્નેહ, શૌર્ય ને સત્યતણા ઉર
વૈભવરાસ રચાય :
જયજય જન્મ સફળ ગુજરાતી !
જયજય ધન્ય અદલ ગુજરાત !
જ્યાં જ્યાં વસે એક ગુજરાતી,
ત્યાં ત્યાં સદાકાળ ગુજરાત !

## દેવીનું ખપ્પર

ભર ભર મારું ખપ્પર, ભૈયા !
હો ભારતના વાસી !
ઘરઘર ભીખું હરનિશ ફરતી,
હું જુગજુગની પ્યાસી :
ખપ્પર ભરો ભરો હો !-
ક્ષણ ક્ષણ ગણતાં મન શોષાયું, શોષાયું તન ત્રાસી !
બાર બાર સૈકાથી ભટકું અરે અરે ઉપવાસી :
ખપ્પર ભરો ભરો હો !-
અંજલિ નાખે, ખોબો નાખે,
નાખે કો ભર પ્યાલી :
જુગસૂકું તળિયું દે શોષી, ખપ્પર તો રહે ખાલી.
ખપ્પર ભરો ભરો હો !-
હો ભૈયા ! જુગના જુગ વીત્યા,
હવે નહીં એ ચાલે :
નદ ઉલટાવો, સિંધુ ભરાવો-
છલછલ ભરો ઉછાળે !
ખપ્પર ભરો ભરો હો !-

અનુક્રમણિકા

ગાજવીજ ને મૂશળધારે રેલ રેલ જગ છાતી :
એક ઝાપટે નવ ચોમાસું :
વીર ! તૃષા ન છીપાતી;
ખપ્પર ભરો ભરો હો !-
જ્યોતિ જ્યોતિ ઘરઘર જો સળગ્યો,
રોતી રોતી શું માગું ?
શિર કાપી ખપ્પરમાં નાખો, કરો કાળજું આઘું !
ખપ્પર ભરો ભરો હો !-
એક કેસરીની ત્રાડે તો ભરી દીસે વનસ્વતી;
એક વીરરસની મસ્તીમાં કરુણતણી ક્યાં હસ્તી ?
ખપ્પર ભરો ભરો હો !-
અધઊઘડ્યાં છે દ્વાર પ્રભાનાં : હો ભૈયા ! ઝટ આવો !
ખપ્પર મારું ભરો વીરત્વે ! પૂર્ણ પ્રભા રેલાવો !
ખપ્પર ભરો ભરો હો !-

## હો મહાન નવજુવાન

1

ભારતના હો વીર કુમારો !
માની આશતણા આધારો !
આજ સિતારો છે તમ ન્યારો :
હો મહા નવજુવાન !
ઊતર્યાં છે આકાશ ફરી આ,
ઊતર્યાં છે નવતેજ સરી આ,
ભારતની પળ આવી ખરી આ;
હો મહા નવજુવાન !
ધસજો, વીર કુમારો ધસજો !
સત્ય જીવન છે આજ :
યત્ને સિદ્ધિ : યત્ને ઋદ્ધિ :
યત્ને સત્ય સ્વરાજ્ય !

2

પ્રભુના અમૃતરસ રેલાતા,
આજે ભારતવીર ભીંજાતા;

કોણ ગણે ત્યાં ઘણ-ઘા તાતા ?
હો મહા નવજુવાન !
જીવન નવલ ઘડાવા લાગ્યાં,
હ્રદય પ્રબળ ઝબકીને જાગ્યાં,
આત્મવિજય ચોઘડિયાં વાગ્યાં :
હો મહા નવજુવાન !

3

યુદ્ધ અનાયુધ આ છે એવું,
સત્ય અહિંસાનું બળ કેવું !
દુનિયાને નવલું કંઇ દેવું :
હો મહા નવજુવાન !
આજ નથી કો રમતઅખાડો,
આજ નથી રસગ્રંથ પવાડો;
આજે શૂરવીરોનો દહાડો !
હો મહા નવજુવાન !

4

જીવન કે નવ કાળ અટકશે,
હાથે આવી બાજી છટકશે,
જીવનભર ત્યાં હૈયું ખટકશે :
હો મહા નવજુવાન !
જ્યોતિ જગાવો તિમિર નિચોવી !
જીવન જમાવો મૃત્યુ વલોવી !
રહેશે કોણ જુવાની વગોવી ?-
હો મહા નવજુવાન !

5

ભારતના હો વીર કુમારો !
અંતરના તાણો સૌ તારો !
તારક, સૂરજ, ચંદ્ર ઉતારો !

અનુક્રમણિકા

હો મહા નવજુવાન !
જીવન તો છે આજે, આજે !
ધસો અદલ સૌ ભારત કાજે !
પ્રભુને સત્યે વિજય વિરાજે !
હો મહા નવજુવાન !

## સાવધાન

ભારતબંધુ ! અહો ભડવીરો !
સમય મળ્યો દુર્લભ ગંભીરો :
કેમ બને કો આજ અધીરો ?
સાવધાન !
હાથ જડ્યો જાળવજો હીરો !
સાવધાન ! સાવધાન !
ભારતબેન ! અહો રણશૂરી !
ધૈર્ય ને મરજાદે પૂરી :
તમ સેવા નવ જાય અધૂરી-
સાવધાન !
આત્માર્પણ તે નથી મજૂરી;
સાવધાન ! સાવધાન !
ભારતબાળ ! અહો રસરંગી !
જનની સેવન કાજ ઉમંગી;

અનુક્રમણિકા

**છે આ સામે અવસર જંગી :**
**સાવધાન !**
**ઊછળો સિંધુ જવા ઓળંગી :**
**સાવધાન ! સાવધાન !**
**ભારતબાંધવ, બાળક, બેની :**
**આજ પ્રભા ઝળકી રહે જેની !**
**ખોટ પડે માતાને કેની ?**
**સાવધાન !**
**આજ મળી તમ પુણ્યત્રિવેણી :**
**સાવધાન ! સાવધાન !**
**ધન્ય ઘડી, ને ધન્ય જ દહાડો !**
**આગળ મંગલ પગલાં માંડો !**
**પગલે પગલે દૃઢતા પાડો :**
**સાવધાન !**
**છો આગળ રહે ડુંગર આડો !**
**સાવધાન ! સાવધાન !**
**પાછળ દૃષ્ટિ હવે શી કરવી ?**
**ગયું તેની શી વાતો વરવી ?**
**ભારત આજ બની છે ગરવી :**
**સાવધાન !**
**અચળ મુક્તિજ્યોતે દૃગ ધરવી !**
**સાવધાન ! સાવધાન !**
**કોણ દેશદ્રોહી છે આજે ?**
**કોણ ગુલામીથી નવ દાઝે ?**
**કોણ અધમ કાયર નવ લાજે ?**
**સાવધાન !**
**જીવવું તો છે ભારત કાજે !**
**સાવધાન ! સાવધાન !**

અનુક્રમણિકા

બંધન આત્મતણાં કે તનનાં ?
શૌર્ય ખરાં તનનાં કે મનનાં ?
તેજ વતનનાં કે નંદનનાં ?
સાવધાન !
સ્વાધીનતાથી જ નૂર નયનનાં !
સાવધાન ! સાવધાન !
ભારતમાત અદલ બોલાવે :
ધીરા વીરા ધસજો હવે !
અમુલખ અવસર નવ ફરી આવે :
સાવધાન !
એક જ ભારતટેક ટકાવે !
સાવધાન ! સાવધાન !

## મેઘ વરસે

મેઘ વરસે કદી રાતદિન વર્ષભર,
તો કશો ખેતરે પાક પાકે ?
થાય ભરતી સદા સિંધુમાં તો પછી
પૃથ્વી પર શું જમીન રહે જરાકે ?
સૂર્ય જો થાય નહીં અસ્ત કો કાળ તો
તેજ ને તાપથી સર્વ બાળે :
માત્ર આનંદ આ જીવનમાં હોય તો
જીવનની વીરતા કોણ ભાળે ?
હોય આનંદથી દુ:ખ કંઈ સોગણું,
તો ય એ દુ:ખ આનંદ માટે;
હળ જમીન ચીરી ઢેફાં ઉપર કાઢતો,
તો વધે ભૂમિરસ પૃથ્વીપાટે;

અનુક્રમણિકા

જીવન આ લાગતું કટુજ જ્યાં હૃદયને
ત્યાં જ છે જીવનનો મિષ્ટ માવો :
વાદળી વ્યોમથી જ્યાં તૂટે, ત્યાં જ લે
અમૃતવર્ષાતણો પરમ લ્હાવો !

## જે વિચારો

જે વિચારો બને શબ્દ ને કાર્ય, તે
કોણ જોઈ શકે મૂર્ત્ત રૂપે ?
જે બધા ભાવ મુખ પર રહે તરવરી,
તે જણાશે ક્યા હૃદયકૂપે ?
પાંદડાંમાં લીલા જે લસી છે રહી,
તે કદી બીજમાંથી કળાશે ?
સર્વ આ સૃષ્ટિસર્જન થયું ક્યાં થકી,
મૂળ તે કેમ જોઈ શકાશે ?
સર્જનારો સદા છે જ સર્જન વિષે,
સર્વને અંતરે વાસ એનો;
ભાવ ને કલ્પનાથી થયું કાવ્ય તે
કેમ છૂટો કરે જોગ તેનો ?
કેમ સર્જન કદી જોય સર્જક જગે,

જે થયું પાણીથી ફીણ જેવું ?
ફળ થયું ફૂલને હૃદય સંતાઇને,
પણ ન જાણે હશે ફૂલ કેવું ?

## આપવું

આપવું, આપવું, ફરી ફરી આપવું,
ને હજી આપવું, એ જ રિદ્ધિ :
એક આનંદ એ પરમ છે જીવનનો,
આપવામાં પરમ જીવનસિદ્ધિ :
ફૂલને આપતાં મલ્લિકા માગશે,
મલ્લિકાથી કશું યે ન મળશે;
આપવું તો બધી વાટિકા આપવી,
કે ન કંઈ માગવાનું જ મળશે !
આપનારો બધું આપીને છૂટશે !
આપતાં આત્મનું કંઇ ન ખૂટે;
મેઘ આપી બધું ખાલી પોતે થતો,
તોય પાછો ગગન ગાજી ઊઠે;
આપતાં આપતાં જીવન હેલાય, ને

આત્મ રેલાય નિજ દિવ્યતાથી :
સૂર્ય સર્વસ્વ આ જગતને આપતો,
રેલતો ત્યા જ પ્રભુની પ્રભાથી !

## સ્નેહ સૌંદર્ય

સ્નેહ સૌંદર્ય છે સર્વને સ્પર્શતું,
સ્નેહ આનંદ છે વિશ્વભરતો;
સ્નેહ સ્વાતંત્ર્ય છે સર્વ જીવનતણું,
સ્નેહ સંવાદ છે ભેદ હરતો;
સ્નેહ છે સત્ય સંભળાતું સૃષ્ટિને,
સ્નેહ છે આત્મની પરમ શક્તિ;
સ્નેહ છે સ્વામી આ સૃષ્ટિને ધારતો,
સ્નેહમાં છે વસી સર્વ ભક્તિ !
સૂર્યને જોય તે સૂર્યકિરણો ગ્રહી
દેહ ને રૂપમાં દીપ્તિ ધારે;
તેમ એ સ્નેહકિરણો ઉરે ધારતાં
માનવી સ્નેહજ્યોતે ઝગારે;
સ્નેહ છે વિશ્વચૈતન્યની સાંકળી,

પરમ બંધુત્વમાં સર્વ સાંધે;
સૃષ્ટિનો શ્વાસ એ, જીવન ઉલ્લાસ એ,
સેંકડો સ્વર્ગથી સ્નેહ વાધે !

*****